।

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૩) (આસીસટન્ટ લેડી સુપ્રિટેન્ડન્ટ)ની ૧૯ જગ્યાઓ આઉટસોર્સથી ભરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૪/૫૫૨૭૭૫/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૦૫/૦૧/૨૦૨૧

<u>વંચાણે લીધા-</u>

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૨/૦૧/૨૦૨૦નો પત્ર ક્રમાંક:અજાક/મકમ/૪/૧૪૫/૨૦૨૦/ક

<u>આમુખ:</u>

વંચાણે લીધેલ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૨૨/૦૧/૨૦૨૦ના પત્રથી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આદર્શ નિવાસી શાળા (કન્યા)/સરકારી કન્યા છાત્રાલયમાં મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (આસીસટન્ટ લેડી સુપ્રિટેન્ડન્ટ) (વર્ગ-૩)ની કુલ-૧૯ જગ્યાઓ મહિલા ઉમેદવારથી આઉટસોર્સીંગથી ૧૧ માસના કરારે GIL મારફતે ભરવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની આદર્શ નિવાસી શાળા (કન્યા)/સરકારી કન્યા છાત્રાલયમાં મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (આસીસટન્ટ લેડી સુપ્રિટેન્ડન્ટ) (હોસ્ટેલ) (વર્ગ-૩)ની કુલ-૧૯ જગ્યાઓની સેવાઓ મહિલા ઉમેદવારથી ૧૧ માસ અથવા સીધી ભરતી/બઢતી આ જગ્યાઓ પર નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થાય એ બેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધી સરકાર માન્ય એજન્સી મારફતે આઉટસોર્સીંગથી ભરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

વધુમાં, આ મુદત પૂર્ણ થયેથી વધુ સમય માટે ઉકત જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી લેવાની હોય તો મુદત પૂર્ણ થયા પહેલા નાણા વિભાગની અવશ્ય મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૧/૧૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

નકલ રવાના:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(3) જિલ્લા તિજોરી અધિકારી, ગાંધીનગર

(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

(૫) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.

(૭) સિલેક્ટ ફાઈલ-૨૦૨૧